1. સભ્યોને એમસીએક્સના મંચ પર ટ્રેડિંગ કરવા માટે કનેક્ટિવિટીનાં કયાં અલગ અલગ માધ્યમો ઉપલબ્ધ છે?

સભ્યોને એમસીએક્સના મંચ પર ટ્રેડિંગ કરવા માટે કનેક્ટિવિટીનાં નીચે જણાવ્યા મુજબનાં માધ્યમો ઉપલબ્ધ છેઃ

- વીસેટ
- લીઝ્ડ સર્કિટ
- ઇન્ટરનેટ

## વીસેટ

2. વીસેટ એટલે શું?

વેરી સ્મોલ એપરચર ટર્મિનલનું ટૂંકું નામ એટલે વીસેટ. તેનાથી એક્સચેન્જના સભ્ય ઉપગ્રહ મારફતે ટ્રેડિંગ મંચ સાથે સંકળાય છે. આમ, સુદૂરના વિસ્તારોમાં પણ ઘણા ઓછા સમયમાં વીસેટ સાથેની કનેક્ટિવિટી (સંપર્ક) સાધી શકાય છે.

3. એમસીએક્સના વીસેટ કનેક્ટિવિટી આપનારા સર્વિસ પ્રોવાઈડર કોણ છે?

એમસીએક્સના વીસેટ સર્વિસ પ્રોવાઈડર એચસીએલ કોમનેટ છે.

4. સભ્ય નવી વીસેટ કનેક્ટિવિટી માટે કઇ રીતે અરજી કરી શકે છે?

સભ્યે નવી વીસેટ કનેક્ટિવિટી માટે અરજી કરવા નીચે જણાવેલા દસ્તાવેજો સભ્યપદ ખાતાને સુપરત કરવાના રહે છેઃ

- નવા વીસેટ ઉપકરણ માટેની અરજી અને વેલિડેશન ચેકલિસ્ટ
- વીસેટ બાંયધરી
- વીસેટ માટેની પ્રશ્નોત્તરી
- વીસેટ સ્થાપવા માટે ના હરકત પ્રમાણપત્ર (એનઓસી)
- કેન્દ્રીય વેચાણવેરો/સ્થાનિક વેચાણવેરાનું ડિક્લેરેશન
- વીસેટ કનેક્ટિવિટીના ચાર્જીસની ચૂકવણી

ઉપરોક્ત દસ્તાવેજો સભ્યના લેટરહેડ પર આપવાના રહેશે. તેના પર રબર સ્ટેમ્પ લગાડેલો હોવો જોઇએ તથા તેનું નોટરી કરાવેલું હોવું જોઇએ. જ્યાં આવશ્યક્તા હોય ત્યાં અધિકૃત સહીકર્તાની સહી લેવામાં આવવી જોઇએ.

વીસેટ માટેની અરજી આ વેબસાઈટ પર ઉપલબ્ધ છે.

(વેબ પાથઃ સભ્યપદ>કનેક્ટિવિટી સંબંધી વિનંતી>વીસેટ>નવા વીસેટ માટેની અરજી)

(વેબ પાથઃ સભ્યપદ>કનેક્ટિવિટી સંબંધી વિનંતી>વીસેટ>ત્રિમાસિક ચૂકવણી કરવાના ધોરણે વીસેટ કનેક્ટિવિટી)

### 5. વીસેટ માટેના ચાર્જીસ કેટલા છે?

સભ્યોએ તેના માટે મલ્ટી કોમોડિટી એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડના નામનો રૂા. 1.65 લાખનો ડિમાન્ડ ડ્રાફ્ટ મોકલવાનો રહેશે. (આ સંબંધે અંગ્રેજી સાઈટ પર તા. 24 માર્ચ, 2005નું પરિપત્ર ક્ર. એમસીએક્સ/116/2005 જોઇ લો).

### 6. સભ્યો વીસેટ કનેક્ટિવિટી માટેની ચૂકવણી હપ્તામાં કરી શકે છે?

હા, સભ્યો હપ્તા (દર ત્રણ મહિને રૂા. 15,750નો એક એવા બાર હપ્તા વત્તા દર ત્રણ મહિનાનો સર્વિસ ટેક્સ)માં ચૂકવણી કરી છે.

વીસેટ કનેક્ટિવિટી સુવિધા માટેનું અરજીપત્રક આ સાઈટ પર ઉપલબ્ધ છે.

(આ સંબંધે અંગ્રેજી સાઈટ પર તા. 2 માર્ચ, 2006નું પરિપત્ર ક્ર. એમસીએક્સ/095/2006 જોઇ લો).

### 7. વીસેટના ચાર્જીસમાં શેનો સમાવેશ થાય છે?

વીસેટના ચાર્જીસમાં વીસેટ સ્થાપ્યાની તારીખથી ત્રણ વર્ષના સમયગાળા માટે વીસેટ કનેક્ટિવિટીની સુવિધાના ચાર્જીસનો સમાવેશ થાય છે.

### 8. પ્રારંભિક ત્રણ વર્ષનો સમયગાળો પૂરો થઈ ગયા બાદ વીસેટ માટે કેટલા ચાર્જીસ લાગુ પડે છે?

વીસેટ સ્થાપિત કર્યા બાદનો પ્રારંભિક ત્રણ વર્ષનો સમયગાળો પૂરો થયા બાદ વીસેટના વાર્ષિક રિકરિંગ ચાર્જીસ દરેક વીસેટ દીઠ રૂા. 28,000 રહેશે.

આ સંબંધે અંગ્રેજી સાઈટ પર તા. 4 એપ્રિલ, 2007નું પરિપત્ર ક્ર. એમસીએક્સ/ટેક/123/2007 જોઇ લો.

### 9. વીસેટના વાર્ષિક રિકરિંગ ચાર્જીસ ક્યારે લેવામાં આવે છે?

એક્સચેન્જ એક વર્ષનો સમયગાળો પૂરો થવા પહેલાં એક મહિના અગાઉ વીસેટના વાર્ષિક રિકરિંગ ચાર્જીસ ડેબિટ કરે છે.

દા.ત. ચોથા વર્ષથી એક્સચેન્જ સંબંધિત નાણાકીય વર્ષની 31મી માર્ચથી પ્રો-રેટા ધોરણે અને પછીથી દર વર્ષે 15મી એપ્રિલે અથવા તેની પહેલાં એડવાન્સમાં ચાર્જીસ વસૂલ કરશે.

### 10. એક્સચેન્જ મારફતે વીસેટ સ્વૈચ્છિક રીતે પાછું આપવા માટેની પદ્ધતિ કઇ છે?

વીસેટ સ્વૈચ્છિક રીતે પાછું આપવા માટેની પદ્ધતિ નીચે મુજબ છેઃ

| **વીસેટ કનેક્ટિવિટી સુવિધા રદ કરાવવી** | **જો વીસેટ એક્સચેન્જને પાછું આપવામાં આવ્યું હોય તો** | **જો વીસેટ એક્સચેન્જને પાછું આપવામાં આવ્યું ન હોય તો** |
|---|---|---|
| સુવિધા શરૂ કરાયાનાં ત્રણ વર્ષની અંદર | એ) સભ્યને કોઇ રિફંડ નહીં મળે.<br>બી) જો સભ્યે વીસેટ હપ્તામાં લીધું હોય તો નહીં ચૂકવાયેલા હપ્તાની રકમ વીસેટ પાછું આપવા માટેની અરજી સાથે ચૂકવવી પડશે. | એ) સભ્યને કોઇ રિફંડ નહીં મળે.<br>બી) જો સભ્યે વીસેટ હપ્તામાં લીધું હોય તો નહીં ચૂકવાયેલા હપ્તાની રકમ વીસેટ પાછું આપવા માટેની અરજી સાથે ચૂકવવી પડશે. |

| | | |
|---|---|---|
| | સી) એક્સચેન્જે સમયાંતરે જણાવેલી ચૂકવાયા વગરની રકમ આપવી પડશે. | સી) સભ્યે વીસેટના ખર્ચ પેટે એક્સચેન્જને રૂા. 40,000 ચૂકવવા પડશે.<br>ડી) એક્સચેન્જે સમયાંતરે જણાવેલી ચૂકવાયા વગરની રકમ આપવી પડશે. |
| સુવિધા શરૂ કરાયાનાં ત્રણ વર્ષ બાદ | એ) વીસેટ સુવિધા માટે જો અગાઉથી ચૂકવણી નહીં કરાઇ હોય તો તેના વાર્ષિક રિકરિંગ ચાર્જીસ ચૂકવવા પડશે.<br>બી) એક્સચેન્જે સમયાંતરે જણાવેલી ચૂકવાયા વગરની રકમ આપવી પડશે. | એ) વીસેટ સુવિધા માટે જો અગાઉથી ચૂકવણી નહીં કરાઇ હોય તો તેના વાર્ષિક રિકરિંગ ચાર્જીસ ચૂકવવા પડશે.<br>બી) સભ્યે વીસેટના ખર્ચ પેટે એક્સચેન્જને રૂા. 40,000 ચૂકવવા પડશે.<br>સી) એક્સચેન્જે સમયાંતરે જણાવેલી ચૂકવાયા વગરની રકમ આપવી પડશે. |

વીસેટ પાછું આપવા માટેની અરજી આ સાઈટ પર ઉપલબ્ધ છે.
(વેબપાથઃ સભ્યપદ>કનેક્ટિવિટી સંબંધી વિનંતી>વીસેટ>વીસેટ પાછું આપવા માટેની અરજી)
(આ સંબંધે અંગ્રેજી સાઈટ પર તા. 29 મે, 2006નું પરિપત્ર ક્ર. એમસીએક્સ/224/2006 જોઇ લો).

### 11. એક્સચેન્જ મારફતે વીસેટના ટ્રાન્સફર માટેની પદ્ધતિ કઇ છે?

સભ્ય નીચે મુજબની બાબતોનું પાલન કરીને વીસેટ સુવિધાનું ટ્રાન્સફર કરી શકે છેઃ

- એક્સચેન્જ પાસેથી આગોતરી મંજૂરી લેવી પડશે;
- વિનંતી સાથે બાંયધરી આપવી પડશે (અનુસૂચિ 1 અને 2);
- વીસેટ માટેની બાંયધરી આપવી પડશે (અનુસૂચિ 3);
- વીસેટ માટેની પ્રશ્નોત્તરી ભરવી પડશે (અનુસૂચિ 4);
- ના હરકત પ્રમાણપત્ર (એનઓસી) આપવું પડશે (અનુસૂચિ 5);
- એલએસટી અને સીએસટીનું જાહેરનામું આપવું પડશે (અનુસૂચિ 6);
- વધારાની રૂા. 25,000ની રકમ ચૂકવવી પડશે;
- સભ્યે વીસેટની ટ્રાન્સફર ફી તરીકે એક્સચેન્જને વાર્ષિક રિકરિંગ ચાર્જની ચૂકવણી કરવી પડશે;
- ટ્રાન્સફર કરવામાં આવ્યું હોય તે મહિનાની છેલ્લી તારીખ સુધી સંબંધિત વીસેટ સુવિધાને લગતી તમામ વણચૂકવાયેલી રકમ/હપ્તાની ચૂકવણી કરવી પડશે.

નોંધઃ

1. વીસેટની સુવિધા સિક્યોરિટી ડિપોઝિટ લઇને આપવામાં આવી હશે તો જેમને ટ્રાન્સફર કરાયું છે તે સભ્ય પાસેથી એક્સચેન્જને સંબંધિત રકમ આપવામાં ન આવે ત્યાર સુધી એક્સચેન્જ વીસેટનું ટ્રાન્સફર કરનાર સભ્યને કોઇ રિફંડ નહીં આપે.

2. વીસેટને ખસેડવા માટેનો તમામ ખર્ચ સભ્ય વીસેટ સર્વિસ પ્રોવાઈડરને ચૂકવશે અને ટ્રાન્સફરરે તે ભોગવવો પડશે.

વીસેટ ટ્રાન્સફર કરવા માટેની અરજી આ વેબસાઈટ પર ઉપલબ્ધ છે.
(વેબપાથઃ સભ્યપદ>કનેક્ટિવિટી સંબંધી વિનંતી>વીસેટ>વીસેટ ટ્રાન્સફર કરવા માટેની વિનંતી).
(આ સંબંધે અંગ્રેજી સાઈટ પરનું તા. 25 જુલાઈ, 2006નું પરિપત્ર ક્ર. એમસીએક્સ/291/2006 જોઇ લો).

### 12. વીસેટને અન્યત્ર ખસેડી શકાય છે?

હા, નીચે જણાવ્યા મુજબની બાબતોનું પાલન થયું હોય તો વીસેટને અન્યત્ર ખસેડી શકાય છેઃ
એ) વીસેટને ખસેડવા માટેની વિનંતી સભ્યના લેટરહેડ પર એક્સચેન્જને કરવામાં આવવી જોઇએ.
બી) સભ્યે વીસેટને ખસેડવા માટેના લાગુ પડતા ચાર્જીસ સીધા જ સર્વિસ પ્રોવાઇડર - એચસીએલ કોમનેટને ચૂકવવાના રહેશે.

એક્સચેન્જ વીસેટ ખસેડવા માટેની તમામ કાર્યવાહીનું એચસીએલ કોમનેટ સાથે મળીને સમન્વય કરશે.

વીસેટને ખસેડવા માટેની અરજી આ સાઈટ પર ઉપલબ્ધ છે.
(વેબ પાથઃ સભ્યપદ>કનેક્ટિવિટી સંબંધી વિનંતી>વીસેટ>વીસેટ ખસેડવા માટેની અરજી)

### 13. એક્સચેન્જના કોઇ સભ્ય પહેલેથી એચસીએલ કોમનેટનું વીસેટ ધરાવતા હોય તો એમસીએક્સ કનેક્ટિવિટી માટે તેનો ઉપયોગ કરી શકે?

હા. એક્સચેન્જના કોઇ સભ્ય પહેલેથી એચસીએલ કોમનેટનું વીસેટ ધરાવતા હોય તો એમસીએક્સ કનેક્ટિવિટી માટે તેનો ઉપયોગ કરી શકે છે.
આ સંબંધે અંગ્રેજી સાઈટ પર તા. 12 ઑક્ટોબર, 2004નું પરિપત્ર ક્ર. એમસીએક્સ/116/2004 જોઇ લો.

### 14. એમસીએક્સ સીયુજી (ક્લોઝ્ડ યુઝર ગ્રુપ)માં વીસેટના ચાર્જીસ કેટલા છે?

એક્સચેન્જના સભ્ય ત્રણ વર્ષના સમયગાળા માટેના ઉપયોગના ચાર્જીસ પેટે રૂા. 50,000 વત્તા સર્વિસ ચાર્જ ભરીને એમસીએક્સ સીયુજીમાં વીસેટ સક્રિય કરાવી શકે છે. તેની સાથે અનુસૂચિ 1 અને 2માં જણાવેલાં સ્વરૂપ પ્રમાણે એક પત્ર અને ડિક્લેરેશન તથા રૂા. 100ના બિન અદાલતી સ્ટેમ્પ પેપર પર બાંયધરી આપવાનાં રહેશે.

### 15. એમસીએક્સ સીયુજીમાં વીસેટ માટેની ચૂકવણી કયા માધ્યમ મારફતે કરવાની રહેશે?

આ ચૂકવણી મલ્ટી કોમોડિટી એક્સચેન્જ ઓફ ઈન્ડિયાના નામના મુંબઈમાં ચૂકવવાપાત્ર ડિમાન્ડ ડ્રાફ્ટ મારફતે કરવાની રહેશે.

### 16. વીસેટ કનેક્ટિવિટીમાં મહત્તમ કેટલાં યુઝર આઈડી મળે છે?

એક્સચેન્જ દરેક વીસેટ દીઠ 3 ટીડબ્લ્યુએસ (ટ્રેડર વર્ક સ્ટેશન) આઈડી અને 1 મેમ્બર એડમિનિસ્ટ્રેશન આઈડી આપે છે.

17. કોઇ સભ્ય પોતાના ગ્રાહકની કચેરીમાં વીસેટ સ્થાપી શકે છે?

હા, સભ્ય (ગ્રાહક નહીં) એક્સચેન્જને વિનંતી કરે તો પોતાના ગ્રાહકની કચેરીમાં વીસેટ સ્થાપી શકે છે. કનેક્ટિવિટી સભ્યના નામે જ રહેશે.

18. વીસેટ કનેક્ટિવિટી કપાઈ જાય તો કઇ વૈકલ્પિક કનેક્ટિવિટી ઉપલબ્ધ હોય છે?

જે સભ્યો કનેક્ટિવિટીના પ્રાથમિક માધ્યમ તરીકે વીસેટનો ઉપયોગ કરે છે તેમણે પ્રાથમિક બેક અપ તરીકે લીઝ્ડ લાઈન (પોઈન્ટ ટુ પોઈન્ટ/એમપીએલએસ) અને દ્વિતીય કનેક્ટિવિટી તરીકે આઈએસડીએન કનેક્ટિવિટી રાખવી પડે છે.

19. સૂર્યખલેલ એટલે શું, ટ્રેડિંગ પર તેની શું અસર થાય છે?

સૂર્યના કિરણોત્સર્ગને કારણે જીઓસ્ટેશનરી ઉપગ્રહના સંકેતો ખોરવાઈ જાય અથવા વિક્ષિપ્ત થઇ જાય તે કુદરતી ઘટનાને સૂર્યખલેલ કહેવાય છે. સૂર્યનો કિરણોત્સર્ગ ઉપગ્રહના સંકેતોને પૂરેપૂરા બગાડી નાખે છે. સામાન્ય રીતે ફેબ્રુઆરી-માર્ચ અને સપ્ટેમ્બર-ઑક્ટોબરમાં સૂર્યખલેલ થાય છે. એ વખતે આકાશમાં સૂર્યનો માર્ગ પૃથ્વી પરના મથક અને ઉપગ્રહ વચ્ચેની દૃષ્ટિરેખાની પાછળ ચાલ્યો જાય છે.

ઉપગ્રહના સંકેતો ખોરવાઈ જવાને લીધે ઓનલાઈન સોદાઓની માહિતીના પ્રસારણ અર્થાત્ વીસેટ કનેક્ટિવિટીમાં ખલેલ પડે છે. તેને લીધે વીસેટ કનેક્ટિવિટીનો ઉપયોગ કરીને ટ્રેડિંગ કરનારા એક્સચેન્જના સભ્યોને સૂર્યખલેલ દરમિયાન ટ્રેડિંગ કરવામાં ખલેલ પડે છે. કનેક્ટિવિટી કપાઈ જાય તો વીસેટના ઉપયોગકર્તાઓ પાંચ-છ મિનિટ પછી ફરીથી લોગ-ઇન કરી શકે છે. દરમિયાન, તેઓ કનેક્ટિવિટીના માન્યતાપ્રાપ્ત વૈકલ્પિક માધ્યમ મારફતે ટ્રેડર વર્કસ્ટેશનમાં લોગ -ઇન કરી શકે છે.

## લીઝ્ડ સર્કિટ

20. એમસીએક્સ કેટલા પ્રકારની લીઝ્ડ સર્કિટ કનેક્ટિવિટી આપે છે?

એ) એમપીએલએસ - મલ્ટી પ્રોટોકોલ લેબલ સ્વિચિંગ

બી) પોઈન્ટ ટુ પોઈન્ટ

21. લીઝ્ડ સર્કિટ કનેક્ટિવિટી માટેના સર્વિસ પ્રોવાઈડર કોણ છે?

એમપીએલએસ લીઝ્ડ સર્કિટ માટે - બીએસએનએલ

પોઈન્ટ ટુ પોઈન્ટ લીઝ્ડ સર્કિટ માટે - એમટીએનએલ, એરટેલ, રિલાયન્સ કોમ્યુનિકેશન્સ અને તાતા કોમ્યુનિકેશન્સ

22. સભ્ય નવી લીઝ્ડ સર્કિટ કનેક્ટિવિટી માટે કઇ રીતે અરજી કરી શકે છે?

લીઝ્ડ સર્કિટ કનેક્ટિવિટી માટે અરજી કરતી વખતે સભ્યે નીચે જણાવેલા દસ્તાવેજો સભ્યપદ ખાતાને સુપરત કરવા પડશેઃ

એ) વેલિડેશન ચેકલિસ્ટ

બી) લીઝ્ડ સર્કિટ કનેક્ટિવિટી માટેની અરજી

સી) લીઝ્ડ સર્કિટ માટેની બાંયધરી

ઉપરોક્ત દસ્તાવેજો આવશ્યક હોય ત્યાં સભ્યના લેટરહેડ પર આપવાના હોય છે. તેના પર રબર સ્ટેમ્પ લગાડેલો હોવો જોઈએ અથવા તેનું નોટરી કરાવેલું હોવું જોઇએ અને આવશ્યક હોય ત્યાં અધિકૃત સહીકર્તાની સહી કરાવેલી હોવી જોઇએ.

**વેબ પાથ:** સભ્યપદ>કનેક્ટિવિટી સંબંધી વિનંતી>લીઝ્ડ લાઈન

## 23. લીઝ્ડ લાઈન કનેક્ટિવિટી માટે કયા પ્રકારનાં ઉપકરણોની જરૂર હોય છે?

એ) **રાઉટર:** રાઉટર માટેનું આવશ્યક કન્ફિગરેશન આ પ્રમાણે છે:

બનાવટ અને મોડેલ: CISCO 1800 (10/100 T) મોડ્યુલર રાઉટર, 64 એમબી ફ્લેશ મેમરી અને 128 એમબી ડાયનેમિક રેમ

ઇન્ટરફેસ: 1 પોર્ટ સીરિયલ વાન ઇન્ટરફેસ કાર્ડ, 1 પોર્ટ આઈએસડીએન બીઆરઆઈ કાર્ડ

કેબલ્સ: V.35 કેબલ, સીરિયલ કેબલ

આઈઓએસ વર્ઝન: મલ્ટીકાસ્ટ સપોર્ટ સાથેનું CISCO 1800 IOS IP Version 12.3 અથવા તેનાથી વધુ નવું વર્ઝન.

બી) **મોડેમ** (વૈકલ્પિક)

એમએલડીએન અને એમએલએલએન પ્રકારની લિંક (ફક્ત અમુક ટેલીફોન એક્સચેન્જોમાં આ સુવિધા હોય છે) માટે એમટીએનએલ/બીએસએનએલ મોડેમ આપે છે. તેનું બિલ ડિમાન્ડ નોટમાં આપવામાં આવે છે. અન્યથા સભ્યે નીચે જણાવેલાં લીઝ્ડ લાઈન મોડેમ લેવાનાં હોય છે:

બનાવટ: આરએડી

મોડેલ નંબર: એએસએમ 20 અથવા એએસએમ 31 (ટેલીફોન એક્સચેન્જની આવશ્યક્તા પ્રમાણે)

ઇન્ટરફેસ: સભ્યને ત્યાં V.35 અને એમટીએનએલ/બીએસએનએલને ત્યાં G703

એમટીએનએલ/બીએસએનએલ સિવાયના સર્વિસ પ્રોવાઈડર હોય તો સભ્ય અને સર્વિસ પ્રોવાઈડર વચ્ચેના કરાર મુજબ મોડેમ આપવામાં આવશે.

(આ સંબંધે અંગ્રેજી સાઈટ પર તા. 1 ઑક્ટોબર, 2004નું પરિપત્ર ક્ર. એમસીએક્સ/107/2004, તા. 30 ઑક્ટોબર, 2004નું પરિપત્ર ક્ર. એમસીએક્સ/130/2004 અને તા. 17 નવેમ્બર, 2004નું પરિપત્ર ક્ર. એમસીએક્સ/142/2004 જોઇ લો).

## 24. બેન્ડવિડ્થના કયા અલગ અલગ વિકલ્પો ઉપલબ્ધ છે અને અલગ અલગ બેન્ડવિડ્થની લીઝ્ડ સર્કિટ માટે મહત્તમ કેટલાં યુઝર આઈડી મેળવી શકાય છે?

| અનુક્રમ | બેન્ડવિડ્થના વિકલ્પો | મહત્તમ યુઝર આઈડી (ટીડબ્લ્યુએસ + સીટીસીએલ) * |
|---|---|---|
| 1 | 128 કેબીપીએસ | 10 |
| 2 | 256 કેબીપીએસ | 15 |
| 3 | 512 કેબીપીએસ | 20 |
| 4 | 1 એમબીપીએસ | 25 |
| 5 | 2 એમબીપીએસ | 30 |

* તમામ બજારો ભેગાં મળીને. દરેક પાંચ યુઝર આઈડીમાંથી એકને સીટીસીએલ આઈડી તરીકે ઉપયોગમાં લઇ શકાય છે.

આ સંબંધે તા. 23 જુલાઈ, 2009નું પરિપત્ર ક્ર. એમસીએક્સ/ટેક/302/2009 જોઇ લો.

## 25. લીઝ્ડ સર્કિટ કનેક્ટિવિટી માટેના દર/ચાર્જીસ કેટલા છે?

અલગ અલગ સર્વિસ પ્રોવાઈડર પાસેથી લીઝ્ડ સર્કિટ લેવાના દર નીચે પ્રમાણે છેઃ

<u>એમપીએલએસ</u>

1 બીએસએનએલ

| અનુક્રમ | બીએસએનએલ એમપીએલએસ બેન્ડવિડ્થ ઓપ્શન્સ | બેન્ડવિડ્થની સ્કીમની ભલામણ | પોર્ટ ચાર્જીસ (રૂપિયા) |
|---|---|---|---|
| 1 | 128 કેબીપીએસ | ગોલ્ડ | 86865.00 |
| 2 | 256 કેબીપીએસ | સિલ્વર | 124343.00 |
| 3 | 512 કેબીપીએસ | સિલ્વર | 202227.00 |
| 4 | 1 એમબીપીએસ | સિલ્વર | 262336.00 |
| 5 | 2 એમબીપીએસ | સિલ્વર | 358456.00 |

- ઉપરોક્ત પોર્ટ ચાર્જીસ ઉપરાંત બીએસએનએલની ડિમાન્ડ નોટ પ્રમાણેના કરવેરા અને અન્ય ચાર્જીસ લાગુ પડશે.
- એમએલએલએન (મૅનેજ્ડ લીઝ્ડ લાઇન નેટવર્ક) ઉપલબ્ધ હોય તે જગ્યાએ બીએસએનએલ/એમટીએનએલ મોડેમ આપશે. એમએલએલએન ઉપલબ્ધ ન હોય ત્યાં સભ્યે મોડેમ પૂરાં પાડવાનાં રહેશે.

<u>**પોઇન્ટ ટુ પોઇન્ટ લીઝ્ડ સર્કિટ**</u>

1 એમટીએનએલ

એમટીએનએલે આપેલી ડિમાન્ડ નોટ પ્રમાણેના ચાર્જીસ લાગુ પડે છે.

2. એમટીએનએલ સિવાયના સર્વિસ પ્રોવાઈડર

સભ્ય અને સર્વિસ પ્રોવાઈડર વચ્ચે નક્કી થયેલા દરે સભ્ય લાગુ પડતા ચાર્જીસ સીધા જ ચૂકવી દે છે.

આ સંબંધે તા. 23 જુલાઈ, 2009નું પરિપત્ર ક્ર. એમસીએક્સ/ટેક/302/2009 જોઇ લો.

### 26. પોઇન્ટ ટુ પોઇન્ટ લીઝ્ડ સર્કિટ કનેક્ટિવિટી માટેના અતિરિક્ત ચાર્જીસ કેટલા છે?

હા, નીચે જણાવેલા ચાર્જીસ સભ્યે લીઝ્ડ લાઈન સર્કિટ સર્વિસ પ્રોવાઈડરને ચૂકવવાના ચાર્જીસ ઉપરાંતના છે.

| અનુક્રમ | પોઇન્ટ ટુ પોઇન્ટ બેન્ડવિડ્થ ક્ષમતા | પોઇન્ટ ટુ પોઇન્ટ લીઝ્ડ સર્કિટ કનેક્ટિવિટીના વાર્ષિક ચાર્જીસ (રૂા.) |
|---|---|---|
| 1 | 128 કેબીપીએસ | નથી |
| 2 | 256 કેબીપીએસ | નથી |
| 3 | 512 કેબીપીએસ | 50,000 |
| 4 | 1 એમબીપીએસ | 60,000 |
| 5 | 2 એમબીપીએસ | 75,000 |

ઉપરોક્ત ચાર્જીસ દર વર્ષે 30 એપ્રિલ પહેલાં સભ્યોના પતાવટના ખાતામાં ડેબિટ કરવામાં આવશે.
આ સંબંધે તા. 5 ડિસેમ્બર, 2009નું પરિપત્ર ક્ર. એમસીએક્સ/ટેક/507/2009 જોઇ લો.

### 27. લીઝ્ડ લાઈન ખસેડવાનું કે સ્વૈચ્છિક રીતે પાછી આપવાનું શક્ય છે?

હા, ટેલીફોન લાઈન ખસેડવાની જ રીત લીઝ્ડ લાઈનને લાગુ પડે છે. તેના માટેની વિનંતી સભ્યપદ ખાતા મારફતે મોકલવાની હોય છે. એમટીએનએલ/બીએસએનએલની લીઝ્ડ સર્કિટને અન્યત્ર ખસેડવા માટેની રીત નીચેના કોષ્ટકમાં જણાવવામાં આવી છે. એમટીએનએલ/બીએસએનએલ સિવાયના સર્વિસ પ્રોવાઈડર પાસેથી લેવાયેલી લીઝ્ડ સર્કિટ ખસેડવા માટે સભ્યે સીધું સંબંધિત સર્વિસ પ્રોવાઈડર સાથે સમન્વય સાધવાનો હોય છે.

| લીઝ્ડ સર્કિટ ખસેડવા સંબંધે | એમટીએનએલ | બીએસએનએલ |
|---|---|---|
| લાઈન ખસેડવા માટેના ધોરણ | મુંબઈ અને નવી મુંબઈની અંદર જ સરનામું બદલાયું હોય તો | સમાન રાજ્યની અંદર સરનામું બદલાયું હોય તો |
| ચાર્જ લેવાનું માધ્યમ | એ) એમટીએનએલ સભ્યને મોકલાતા તેના વાર્ષિક રેન્ટલ બિલમાં તે ચાર્જ કરે છે<br>બી) એમટીએનએલે કરેલા સાઇટ સર્વે બાદ બનાવેલી ડિમાન્ડ નોટ મુજબ ચાર્જીસ લેવામાં આવે છે. | સી) રૂા. 2758નો ડિમાન્ડ ડ્રાફ્ટ એઓ (એફ એન્ડ એ) બીએસએનએલ, મુંબઈના નામે આપવાનો હોય છે.<br><br>બી) તેના માટેની વિનંતી એમસીએક્સ, મુંબઈ મારફતે આપવાની હોય છે. |

સભ્ય લીઝ્ડ સર્કિટ પરત કરવા માટેની વિનંતી સભ્યપદ ખાતાને મોકલીને લીઝ્ડ સર્કિટ પાછી આપી શકે છે.

લીઝ્ડ સર્કિટ ખસેડવા માટે અને પરત કરવા માટેની અરજી આ સાઈટ પર ઉપલબ્ધ છે.
(વેબ પાથઃ સભ્યપદ>કનેક્ટિવિટી સંબંધી વિનંતી>લીઝ્ડ લાઈન>લીઝ્ડ લાઈન ખસેડવા માટેની અરજી).

### 28. લીઝ્ડ લાઈન કનેક્ટિવિટી કપાઈ જાય તે સંજોગોમાં બેક અપ કનેક્ટિવિટીનો કયો વિકલ્પ ઉપલબ્ધ હોય છે?

1. જે સભ્યો બીએસએનએલ/એમટીએનએલ સિવાયના સર્વિસ પ્રોવાઈડર પાસેથી કનેક્ટિવિટીના પ્રાથમિક માધ્યમ તરીકે પોઈન્ટ ટુ પોઈન્ટ લીઝ્ડ સર્કિટ ધરાવે છે તેમની પાસે કનેક્ટિવિટીના બેક અપ માધ્યમ તરીકે બીએસએનએલ એમપીએલએસ લીઝ્ડ લાઈન/વીસેટ હોવા જોઇએ.

2. જે સભ્યો કનેક્ટિવિટીના પ્રાથમિક માધ્યમ તરીકે એમપીએલએસ લીઝ્ડ સર્કિટ ધરાવતા હોય તેમની પાસે કનેક્ટિવિટીના બેક અપ માધ્યમ તરીકે વીસેટ હોવું જોઇએ.

નોંધઃ બેક અપ તરીકે આઈએસડીએન ફક્ત 128 કેબીપીએસ લીઝ્ડ સર્કિટને જ લાગુ પડે છે. સભ્યે આઈએસડીએન સુવિધા પ્રાપ્ત કરીને તેની સ્થાપના કરવી જોઇએ. એક્સચેન્જ આઈએસડીએન કન્ફિગરેશન માટે ટેક્નિકલ સપોર્ટ આપશે.
આ સંબંધે તા. 26 માર્ચ, 2009નું પરિપત્ર ક્ર. એમસીએક્સ/ટેક/141/2009 જોઇ લો.

--------------------------------